ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૯.૨ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૩૭ ટકા

# સંજરી પાર્કમાં રહેતા પ્રોફેસરના ઘરમાં તસ્કરોનો હાથફેરો

## પ્રોફેસર પરિવાર સાથે મોડાસા લગ્ન પ્રસંગે હાજરી આપવા ગયા હતા ને રાત્રે તસ્કરો હાથ સાફ કરી ગયા







ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર નજીક જીઈબી કોલોની પાસે આવેલા સંજરી પાર્ક-૨ માં રહેતા અને સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં ફરજ બજાવતા પ્રોફેસર તેમના પરિવાર સાથે મોડાસા ખાતે લગ્ન પ્રસંગે હાજરી આપવા ગયા હતા તે દરમિયાન તેમના બંધ મકાનને રાત્રિના અરસામાં તસ્કર ટોળકીએ ટાર્ગેટ કર્યું હતું. બંધ મકાનના દરવાજાનો નકુચો તોડી અંદર ઘૂસેલા તસ્કરોએ ઘરના તમામ રૂમ અને તિજોરીઓ ફંફોસી નાખી હતી. તિજોરીમાં પડેલાં કેટલાક દાગીના અને રોકડ જે હાથ લાગ્યુ તે ઉઠાવીને તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા. આ ઘરફોડ ચોરી મામલે ફરિયાદ કરવા પ્રોફેસર પોલીસનો સંપર્ક કર્યો છે. જો કે મોડી સાંજ સુધી મોડાસાથી ઘરે પરત ન આવ્યા હોવાથી મકાનમાંથી શું શું ગયું તેનો અંદાજ ન હોવાથી હજુ સુધી ફરિયાદ થઈ શકી નથી.

મળતી માહિતી મુજબ જીઈબી કોલોની પાસે આવેલા સંજરી પાર્ક ૨ ખાતે પ્લોટ નંબર ૯/૧૦ માં રહેતા અને સે-૨૮ ખાતે આવેલી સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા પ્રો. જહીદહુસૈન જી ચૌહાણ તેમના મકાનને તાળું મારી પરિવાર સાથે મોડાસા ખાતે કુટુંબીના લગ્ન પ્રસંગે હાજરી આપવા ગયા હતા. આજે વહેલી સવારે પડોશીનો તેમના ઉપર ફોન આવ્યો કે તેમના મકાનને દરવાજાનો નકુચો તૂટેલી હાલતમાં પડયો છે અને અંદર બધું વેરવિખેર પડેલું છે. પ્રોફેસરે મોડાસાથી તાત્કાલિક તેમના દીકરાને ઘરે રવાના કર્યો હતો. તાજેતરમાં તેમના દિકરાના લગ્ન થયા હોવાથી ઘરમાં કેટલાક દાગીના પણ હતા. રાત્રી દરમિયાન ત્રાટકેલા તસ્કરો બંધ મકાનનો નકુચો તોડી અંદર પ્રવેશ કરીને તિજોરીના તાળા તોડી અંદરથી જે હાથ લાગ્યું તે તમામ મુદ્દામાલની ચોરી કરી તસ્કરો રફુચક્કર થઈ ગયા હતા. તેમના મકાનની ઉપરના મકાનમાં ભાડે રહેતા ભાડુઆતના જણાવ્યા મુજબ તેઓ ધાબે સુતા હોતા અને રાત્રે વરસાદી માહોલ થતા અંદાજે બે વાગ્યાના અરસામાં તેઓ નીચે ઉતર્યા હતા તે સમયે મકાન સહી સલામત હતું. સવારે પાંચેક વાગ્યાના અરસામાં દૂધ આવ્યું ત્યારે મકાનનો દરવાજો ખુલ્લો અને નકુચો તૂટેલી હાલતમાં જોઈ તેણે પડોશીઓને જાણ કરી હતી. મકાનમાં ઘુસી ને તસ્કરો હાથ સાફ કરી ગયા છે પરંતુ કેટલો મુદ્દામાલ ચોરી ને લઈ ગયા છે તે પ્રોફેસર ઘરે આવે પછી ખબર પડે તેવી સ્થિતિ છે. આજે મોડી સાંજ સુધી પ્રોફેસર ઘરે પહોંચ્યા ન હોવાથી પોલીસ ફરિયાદ થઈ શકી ન હતી.

# ખોરજ પાસે અદાણી શાંતિગ્રામમાં મધરાતે આગના કોલથી દોડધામ

ગાંધીનગર, તા.૨૪

એસજી હાઈવે ઉપર આવેલા ખોરજ ગામની પાસેના અદાણી શાંતિગ્રામ ખાતે ગઈકાલે મધરાતે અચાનક આગ લાગતાં દોડધામ મચી જવા પામી હતી. રાત્રે સવા બાર વાગ્યાના અરસામાં ગાંધીનગર ફાયરબ્રિગેડને અદાણી શાંતિગ્રામમાં લાગેલી આગ સંદર્ભે કોલ મળતા ફાયર ઓફિસર મહેશ મોડની ટીમ તાબડતોબ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગને કાબુમાં લેવા પ્રયત્નો શરૂ કરી દીધા હતા. અદાણી શાંતિગ્રામના ઈલેક્ટ્રીક ટ્રાન્સફોર્મરમાં કોઈ કારણોસર આગ લાગી હતી. બે ઈલેક્ટ્રીક ટ્રાન્સફોર્મરમાં લાગેલી આ આગ મોટું સ્વરૂપ ધારણ કરે તે પહેલાં જ અટકાવી દેવામાં આવી હતી. ટ્રાન્સફોર્મરમાં આગ લાગી હોવાથી પાણીનો મારો ચલાવો હિતાવહ ન હોવાથી ફોર્મનો છંટકાવ કરવામાં આવ્યો હતો. ચાર ટર્બા એટલે કે ૮૦ લીટર ફોર્મ છાંટીને આગને કાબૂમાં લેવામાં આવી હતી. સદભાગ્યે સમયસર કાબૂમાં આવી ગયેલી આ આગની ઘટનામાં કોઈ જાનહાની કે મોટું નુકસાન થવા પામ્યું હતું. શોર્ટસર્કિટથી આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન છે.



ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિવિધ વિષયો પર સમયાંતરે મન કી બાત નો કાર્યક્રમ યોજવામાં આવે છે. ત્યારે આજે પણ વડાપ્રધાન દ્વારા મન કી બાતનો કાર્યક્રમ યોજાયો હતો. ગાંધીનગર મહાનગર પાલિકા વોર્ડ નં-૧ ખાતે રહેતા અને પૂર્વ મહામંત્રી એચ.એમ.પટેલના ઘરે ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા (જીગાબાપુ), કોર્પોરેટર બરખાબેન જહા, ઉપપ્રમુખ ઉરેન પટેલ, અમૃતભાઈ દેસાઈ, મહામંત્રી ઉમેશ જહા, પૂર્વ પ્રમુખ સુરેશભાઈ, પૂર્વ ખજાનચી ચાણક્યભાઈ તથા વોર્ડના સૌ પદાધિકારીઓ અને કાર્યકતાઓએ ભેગા મળીને મન કી બાત કાર્યક્રમ સાંભળ્યો હતો.

# જીએસટી આસી. કમિશનરોની પ્રથમ નિમણૂંકમાં ગાંધીનગરની સોનમ શાહ

ગાંધીનગર, તા.૨૪

કહેવાય છે કે હંમેશા એક સફળ પુરુષ પાછળ એક સ્ત્રીનો હાથ રહેલો હોય છે પરંતુ કયારેક એવું પણ બને છે કે એક સફળ સ્ત્રીની પાછળ એક પુરુષનો પણ હાથ હોય છે. એ પુરુષ કયારેક પિતા, ભાઈ, દોસ્ત કે પતિ સ્વરૂપે હોય છે તેમાં કોઈ નવાઈ નથી.

ગાંધીનગર શહેરમાં જ આવી એક સફળ સ્ત્રી અને તેની પાછળ મહેનત કરનાર પુરુષની વાત છે. જેમાં પતિએ સતત પત્નીને મહેનત કરી પ્રોત્સાહીત કરી છે. આજે પત્ની એ પણ પતિની મદદથી ખૂબ જ નાની ઉંમરે ઘર પરિવાર, નોકરી અને દિકરીની સાર સંભાળ સાથે જીપીએસસીની કલાસ-૧ની પરીક્ષામાં અવ્વલ ક્રમે આવી આસીસ્ટન્ટ કમિશનર (જીએસટી) બની ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે. સોનમ શાહે પોતાના અડગ નિશ્ચય અને અવિરત પરિશ્રમ થકી અધિકારી બની પરિવાર અને સમાજને ગૌરવવંતુ બનાવ્યું છે.

રાજસ્થાનના મધ્યમ વર્ગીય જૈન પરિવારમાં જન્મેલી સોનમ કારકીર્દીની શરૂઆતથી જ તેજસ્વી રહી છે. ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ૯૨ ટકા ગુણ સાથે પાસ થનાર સોનમે બીકોમ કરવાનો તદ્દન જુદો જ નિર્ણય લીધો અને એ નિર્ણયને ગોલ્ડ મેડલ મેળવીને શોભાવ્યો પણ ખરો. બીકોમ પછી પ્રથમ



પ્રયાસે સીએ બની ભારતની પ્રસિધ્ધ આઈટી કંપની ટીસએસમાં અધિકારી તરીકે પાંચ વર્ષ સુધી સેવાઓ આપી હતી.

સ્પર્ધાત્મક પરીક્ષાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલા નિષ્ણાંત લેકચરર કપિલકુમાર શાહ સાથે લગ્નગ્રંથીથી જોડાયા અને પતિના કહેવાથી જીપીએસસીની પરીક્ષામાં ઝંપલાવ્યું હતું. સોનમની માતૃભાષા હિન્દી હોવાથી ગુજરાતી ભાષામાં અભ્યાસને લઈ ઘણી મુશ્કેલીઓ વેઠવી પડી હતી તેમ છતાં હિંમત ન હાર્યા વગર સતત મથતા રહ્યા અને થોડા સમય અગાઉ જીપીએસસ એકાઉન્ટ ઓફિસરની પરીક્ષામાં પ્રથમ પ્રયાસે ઉત્તીર્ણ થયા હતા.

તાજેતરમાં જાહેર થયેલા જીપીએસસીની વર્ગ-૧ની પરીક્ષામાં પણ સોનમ શાહે અવ્વલ ક્રમે સફળ થઈ ૩૧ વર્ષની નાની ઉંમરે આસિસ્ટન્ટ કમિશનર (જીએસટી) બની જવંલત સિધ્ધિ પ્રાપ્ત કરી છે. તેઓએ જીપીએસસીની મહિલા ઉમેદવારોની યાદીમાં ૧૪મો ક્રમ મેળવ્યો હતો.

વિભકત કુટુંબમાં રહીને સફળતા મેળવનાર સોનમ ગૃહિણી તેમજ માતા તરીકે પણ અત્યંત પ્રભાવી અને સફળ છે. સ્વભાવે શાંત અને ઋજુ એવી સોનમ એક જાજરમાન મહિલા છે તેઓ પોતાની આ સફળતાનો શ્રેય પતિ અને પરિવારને આપે છે. સોનમ શાહ એક સંવેદનશીલ અધિકારી તરીકે છેવાડાના માનવીના જીવન ધોરણમાં આમૂલ પરિવર્તન લાવવાની ઈચ્છા રાખે છે.

ગાંધીનગર શહેરમાંથી અધિકારી કમિશનર કક્ષાએ સફળ થનાર સોનમ શાહે શહેરને ગૌરવ અપાવ્યું છે.

# સે-૨૧ એસબીઆઈ બેંકના એટીએમમાં ગંદકીના ઢગ

ગાંધીનગર, તા.૨૪

ગાંધીનગર શહેરમાં ૧૦૦ થી વધુ વિવિધ બેંકના એટીએમ કાર્યરત છે. પરંતુ કેટલાક બેંકના એટીએમની બેંકના અધિકારીઓ-કર્મચારીઓ દ્વારા માવજત અને જાળવણીના અભાવે એકદમ સાફ સુથરા હોય છે. જયારે કેટલાક બેંકના અધિકારીઓની નજર પોતાના એટીએમ પર જતી પણ નથી જેને પગલે એટીએમમાં ગંદકીના ઢગ ખડકાય છે ત્યારે સેકટર-




૨૧ વિશ્વકર્મા શોંપીગ સેન્ટરમાં આવેલ એસબીઆઈ બેંકના એટીએમમાં કચરાના ઢગ ખડકાયા છે. ગ્રાહક એટીએમમાં રૂપીયા ઉપાડતી વખત પણ સો વખત વિચાર કરે તેવી સ્થિતિ આ એટીએમની થવા પામી છે.

ગાંધીનગર અને ન્યુ ગાંધીનગર શહેરી વિસ્તારમાં ઠેર ઠેર બેંક દ્વારા એટીએમ મુકવામાં આવ્યા છે. એટીએમમાં સીક્યુરીટી ગાર્ડ તેમજ સફાઈ સહિતની જવાબદારી જે તે બેંકની હોય છે. શહેરના મોટાભાગના એટીએમ સફાઈથી સજ્જ હોય છે. જયારે બીજી તરફ કેટલીક બેંક દ્વારા એટીએમની સફાઈ અને જાળળણીમાં નિષ્કાળજી રાખવામાં આવે છે. હોતી હૈ ચલતી હૈ ની નિતી અપનાવતા હોવાથી એટીએમ ગંદકીના ઢગ બની રહ્યા છે. કેટલાક એટીએમ ચાલુ હોવા છતા નાગરીકો રૂપીયા ઉપાડવા માટે જવા તૈયાર થતા નથી. કેટલાક એટીએમમાં સલામતી માટે કર્મચારી નથી હોતા અને એસી બંધ હોવાથી એટીએમના દરવાજા પણ ખુલ્લા નજરે પડે છે. સેકટર-૨૧ વિશ્વકર્મા શોંપીગ સેન્ટર ખાતે આવેલા એસબીઆઈ એટીએમમાં સફાઈના અભાવે ગંદકીના ઢગ ખડકાયા છે. ત્યારે તંત્ર દ્વારા એટીએમની જાળવણી લેવાય તેવું વેપારીઓ અને નગરજનો ઈચ્છી રહ્યા છે. ત્યારે એટીએમમાંથી તાત્કાલીક કચરાનો નિકાલ કરવામાં આવે અને કાયમી સફાઈ કરવામાં આવે તેવી લોકમાંગ ગ્રાહકોમાં ઉઠવા પામી છે.

## @ગાંધીનગર

● ગાંધીનગર જિલ્લા પંચાયત સે-૧૭ ખાતે પ્રમુખ અને ઉપપ્રમુખ સવારે ૧૦.૩૦ કલાકે પદભાર સંભાળશે.

● વાલ્મિકી સમાજના પ્રશ્નો માટે આવેદનપત્ર આપવા સવારે ૧૦ કલાકે નવા સચિવાલયની બાજુમાં પોઈન્ટ બસ સ્ટેન્ડ પાસે સફાઈ કર્મચારી એકઠા થશે.

## વાતવાતમાં

● ગાંધીનગરમાં આ રવિવારે રજાનો દિવસ હોવા છતાં કેટલીક સરકારી કચેરીઓ ચાલુ રહી હતી. સરકારી કચેરીઓ કામના ભરાવાને લીધે ચાલુ રહેવા પામી હતી.

● શહેરમાં આગામી વરસાદી સીઝનને અનુલક્ષીને તંત્ર સજ્જ થઈ ગયુ છે. આ માટે શહેરમાં અડધો ડઝનથી વધુ કંટ્રોલ રૂમ તૈયાર કરાયા છે. જેમાં લેન્ડલાઈન ટેલિફોનની બોલબાલા છે.

● શહેરમાં સવારથી વાદળછાયુ વાતાવરણ સર્જાતા નગરજનોનો વરસાદની આશા બંધાઈ હતી. જો કે વરસાદ ના આવ્યો છતાં તેનું માત્ર વાતાવરણ સર્જાતા શહેરમાં દાળવડાની લારીઓ પર ભીડ વધી જવા પામી હતી.

## ચિરવિદાય

● સ્વ. મનીષાબેન જીતેન્દ્રભાઈ શાહ, ઉ.વ. ૩૮




સ્વામિનારાયણ મંદિર, સેક્ટર-૨૩ દ્વારા પ.પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિકેશવદાસજીના આશીર્વાદ તથા પ્રેરણા અને પ.પૂ. શાસ્ત્રી સ્વામીશ્રી હરિપ્રિયદાસજીના માર્ગદર્શન હેઠળ ગાંધીનગર જીલ્લાના લવારપુર, શાહપુર, પાલજ, ઈન્દ્રોડા, સેકટર-૨ તેમજ મહેસાણા જીલ્લાના બાંન્ટાઈ ગામની પ્રાથમિક તથા માધ્યમિક સરકારી શાળાના ૪૦૦૦ કરતા પણ વધુ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ફૂલસ્કેપ ચોપડા, નોટબુકો, પેનો, પેન્સિલો વગેરેનું વિતરણ કરાયું હતું. સંસ્થા દ્વારા થતી વિદ્યાર્થી સહાયની પ્રવૃતિને શાળાના શિક્ષકોએ આભાર સહ બિરદાવી હતી.

# પ્રભુએ મોડી આપી પરંતુ અમારે જોઈતી હતી તેવી દિકરીની ભેટ આપી

## દિવ્યાંગતાને કારણે દિકરી દત્તક લેવાની આકરી ઝંઝટયુકત પ્રક્રિયા બાદ સુંદર દિકરી મેળવતા દંપતિના જીવનમાં હેતની હેલી વરસી પડી છે

ગાંધીનગર, તા.૨૪

એક ખૂબ જાણીતું ભજન છે, ‘સબ સે ઊંચી પ્રેમ સગાઈ’ જેનો મતબલ છે પોતાનું હેત વરસાવવા લોહીની સગાઈ જ હોવી જોઈએ તેવું જરૂરી નથી પરંતુ જયાં પ્રેમ હોય ત્યાં પારકા પણ પોતાના થતા વાર લાગતી નથી. આ વાતનું તાજું ઉદાહરણ છે ગાંધીનગરનું એક દિવ્યાંગ યુગલ જેમણે એક ચાર માસની ફુલ જેવી દિકરીને દત્તક લીધી છે અને આ દિકરીના ઉછેરમાં પોતાની દિવ્યાંગતાનો અડચણરૂપ બનવા નહીં દેવાનો નિર્ધાર કર્યો છે.

ગાંધીનગરના વાવોલ ખાતે શાલીન-૪ એપાર્ટમેન્ટમાં રહેતા અને શહેરની સુવિખ્યાત ટીસીએસ કંપનીમાં બીપીઓ વિભાગમાં કાર્યરત અલ્પેશ પટેલ અને તેમના પત્નિ જીગીષા પટેલ બંનેએ પોતે દિવ્યાંગ હોવા છતાં એક દિકરીને દત્તક લીધી છે. ચરોતરના પેટલાદ ખાતે સ્ક્રીન પ્રિન્ટિંગનો વ્યવસાય કરતા ઠાકોરભાઈ પટેલ અને તેમના ધર્મપત્નિ સુશીલાબેનના ચાર સંતાનોમાં સૌથી નાના એવા અપ્લેશ પટેલ જયારે માત્ર ત્રણ માસના હતા ત્યારે પોલિયોનો તાવ આવી ગયો અને ત્યારથી તેઓ વિકલાંગતાનો શિકાર બન્યા હતા. પ્રાથમિકથી માંડીને ધો-૧૦ સુધીનો અભ્યાસ તેમણે અમદાવાદમાં અપંગ માનવ મંડળ ખાતે હોસ્ટેલમાં રહી




મેળવ્યો હતો અને ત્યારબાદ પોતાના વતન પેટલાદમાં જે શાળામાં સરદાર પટેલ ભણ્યા હતા તે શાળામાંથી શાળાકીય અભ્યાસ પૂર્ણ કરી પેટલાદની જ કોલેજમાંથી કોમર્સ ગ્રેજયુએશન પૂર્ણ કર્યુ હતું. આ ગ્રેજયુએશનના સહારે તેમણે વિવિધ ખાનગી કંપનીઓમાં કામ કર્યા બાદ ગાંધીનગરની ટીસીએસ કંપનીમાં જોબ મળતા પોતાની પત્નિ જીગીષા પટેલ સાથે અહીં સ્થાયી થયા છે. તેમના પત્નિ પણ જયારે માત્ર ૨ વર્ષના હતા ત્યારે તેઓ પોલિયોનો ભોગ બન્યા હતા. જીગીષાબેન મૂળ





ખંભાતના હર્ષદભાઈ અને રંજનબેનના ચાર સંતાનો પૈકીના ત્રીજા નંબરના સંતાન છે અને તેમણે કોલેજ સુધીનો અભ્યાસ કર્યો છે. વિકલાંગને જીવનસાથી માટે વિકલાંગ જ મળે તેવી આપણા સમાજની સમજી ના શકાય તેવી રૂઢિ મુજબ આ બંનેના એરેન્જડ મેરેજ વર્ષ ૨૦૦૮માં છઠ્ઠી જુને થયા હતા. લગ્નના એકાદ વર્ષ પછી ખબર પડી કે જીગીષાબેનને પેટમાં ગર્ભાશયની નાળિયેર જેવી મોટી ગાંઠ છે અને તેના કારણે તેમના ગર્ભાશયની દિવાલો પાતળી થઈ જવા પામી છે. ગાંઠની તો સારવાર થઈ ગઈ પરંતુ તબીબોએ તેમના માતૃત્વ ધારણ કરવા બાબતે મોટું જોખમ દર્શાવી તેની શકયતા પર પૂર્ણવિરામ મૂકી દીધું પરંતુ સતત ખુશમિજાજમાં રહેતા આ યુગલે કોઈ પણ રીતે મા-બાપ બનવાનો નિર્ધાર કરી લીધો હતો.

ચરોતર વિસ્તારમાં સેરોગેટ પ્રેગનન્સીની પ્રથા પ્રચલિત હોવાથી તે સહિતના તમામ વિકલ્પો અંગે વિચારણા કરી જોઈ. સેરોગસી આર્થિક રીતે ખૂબ ખર્ચાળ હોવાથી પરવડે તેમ નહોતી અને સગા સંબંધીઓ કે મિત્રોમાંથી કોઈ બાળક દત્તક મળી શકે તેવી પરિસ્થિતિ સર્જાઈ ના શકી એટલે આ યુગલે ભારતીય સરકારના કાયદા અન્વયે અનાથાશ્રમમાંથી બાળક દત્તક લેવાનું મન બનાવી લીધું. આ માટે તેમણે ‘સેન્ટ્રલ એડોપ્શન રિસોર્સ ઓથોરાઈઝેશન’ એટલે કે ટૂંકમાં જે ‘કારા’થી ઓળખાય છે તે સરકારી વેબસાઈટ પર નોંધણી કરાવી દીધી પરંતુ તેમને ખબર નહોતી કે આ પ્રક્રિયા એટલી સરળ નથી હોતી. આ નોંધણી માટે તેમને ફાઈલ તૈયાર કરતાં જ એક મહિનો લાગ્યો અને તે માટે તેમને લાંબી મેડિકલ તપાસથી માંડીને પોલીસ વેરીફીકેશન સુધીની ઝંઝટભરી પ્રક્રિયામાંથી પસાર થવું પડયું. સરકાર વતી અમદાવાદની મહિપતરામ રૂપરામ આશ્રમ સંસ્થાએ તેમનો હોમસ્ટડી કરી ખાનગી રિપોર્ટ સરકારને સબમિટ કર્યો. આ યુગલને દરેક સ્ટેજ પર તેમની દિવ્યાંગતા બાળક ઉછેરવાની ક્ષમતા સામે સવાલરૂપ બનતી હતી અને એક તબક્કે તો ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના ઓર્થોપેડિક સર્જને સર્ટિફીકેટ આપવાની સ્પષ્ટ ના પણ પાડી દીધી હતી. આ માટે જીગીષાબેનની ૮૫ ટકા જેટલી વિકલાંગતા જેમાં તેમણે ચાલવા માટે ફરજિયાત કેલિપર્સ એટલે કે ખાસ પ્રકારના શુઝ પહેરવા પડે અને ઘોડી પણ વાપરવી પડે છે તે અને અલ્પેશભાઈની ૭૫ ટકા જેટલી વિકલાંગતા નડતરરૂપ બનતી હતી. જો કે બાળકના ઉછેર માટે તેઓ સક્ષમ છે તેવી આ યુગલ ખૂબ જ આત્મવિશ્વાસથી ‘નિષ્ઠા’ ધરાવતું હતું તેથી તેમની નોંધણી મંજૂર થઈ અને તેમનું નામ વેઈટીંગ લિસ્ટમાં આવી ગયું.

વેઈટીંગ લિસ્ટમાં એકવાર પૂર્વોત્તરના રાજયના એક અનાથાશ્રમમાંથી ૨ વર્ષની દિકરી માટે પસંદગીની તક મળી પરંતુ આ યુગલને ખૂબ નાનું બાળક જ ઉછેરવું હતું જેથી બાળક ઉછેરનો સંપૂર્ણ અનુભવ મળી શકે. અંતે આશરે અઢી વર્ષના લાંબા ઈંતેઝાર પછી તેમને મધ્યપ્રદેશના છીંદવાડાના સ્પેશિયલ કેર નવજાગૃતિ મહિલા મંડળમાં ૪ માસની દિકરીનો ઓપ્શન મળ્યો જેનો ફોટો વેબસાઈટ પર જોતા જ વિગતો વાંચ્યા વગર જ અલ્પેશભાઈએ તેને ‘રિઝર્વ’ કરી લીધી કેમ કે બંનેને દિકરી જ દત્તક લેવી હતી. આ દિકરીની કસ્ટડી લેવા માટે પણ તાત્કાલિક રેલવે રિઝર્વેશન ના મળતા કાર લઈને આંધી-વરસાદ-તોફાનમાં મધ્યપ્રદેશના જંગલના માર્ગોમાં ભૂલા પડતા પડતા પહોંચી ગયા હતા. બરાબર પોતાના લગ્નની દસમી વર્ષગાંઠના દિવસે એટલે કે ગત છઠ્ઠી જૂને તેમને આ દિકરીની ભેટ મળી અને તેના આગમન સાથે જ પરિવારમાં અઢળક ખુશીઓનો માહોલ છવાઈ ગયો છે. હરિધામ સોંખડાના સ્વામિનારાયણ સંપ્રદાયના અનુયાયી પરિવાર હોવાથી તેમના ગુરુ મહારાજ શુધ્ધપ્રકાશસ્વામીને બોલાવાયા અને તેમણે આ યુગલની કદાચ પ્રમાણિક નિષ્ઠા જોઈ દિકરીનું નામ આપ્યું ‘નિષ્ઠા’ જેનો અર્થ થાય છે ‘અપેક્ષા વગરની સમર્પિત શ્રધ્ધા’. ‘નિષ્ઠા’ આજે અલ્પેશભાઈ અને જીગીષાબેનના જીવનમાં ખુશીઓની હેલી બનીને આવી છે જેને લાડ લડાવવામાં પરિવાર એવું મશગુલ બન્યું છે કે તે આવી ત્યારથી તેમના ઘરમાં ટીવી ચાલુ થયું નથી બસ સૌ હેતની હેલીમાં જ મગ્ન બન્યા છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@yahoo.com